# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર

## ડોક્યુમેન્ટ અપલોડ કરવા અંગેની નોટીસ

જાહેરાત ક્રમાંક:-૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૭/૦૫/૨૦૨૩ના રોજ યોજવામાં આવેલ હતી. જેનું પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ તા.૧૬-૦૬-૨૦૨૩ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. જેમાં સમાવિષ્ટ કુલ ૪૬૩૫ ઉમેદવારોના ઓનલાઇન ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવા માટે ઉમેદવારો માટે પોતાના ડોક્યુમેન્ટ https://iass.gujarat.gov.in ઉપર ઓનલાઇન અપલોડ કરવા અંગેનો સમયગાળો તા.૨૦-૦૬-૨૦૨૩ ના રોજ બપોરે ૧૫:૦૦ કલાકથી તા.૦૧-૦૭-૨૦૨૩ રાત્રે ૨૩:૫૯ કલાક રાખવામાં આવેલ હતો. ત્યારબાદ આ સમયગાળો મંડળ ધ્વારા તા ૦૩-૦૭-૨૦૨૩ ના સવારે ૧૧-૦૦ કલાક સુધી લંબાવવામાં આવેલ હતો. તેમ છતાં અમુક ઉમેદવાર ધ્વારા કોઇ કારણોસર ઓનલાઇન ડોક્યુમેન્ટ અપલોડ કરી શકેલ ન હોવાના કારણસર ડોક્યુમેન્ટ અપલોડ કરવાનો સમયગાળો લંબાવવા મંડળને રૂબરૂમાં રજુઆત કરેલ છે. જે ધ્યાને લઇ સદર ભરતીપ્રકિયા અન્વયે ઓનલાઇન ડોક્યુમેન્ટ અપલોડ કરવાનો સમયગાળો તા.૧૧-૦૭-૨૦૨૩ ના સવારે ૧૧-૦૦ કલાક સુધી લંબાવવા મંડળ ધ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેની સબંધિત ઉમેદવારોએ નોધ લઇ પોતાના ડોક્યુમેન્ટ અપલોડ કરવા જણાવવામાં આવે છે.

“મંડળના આદેશાનુસાર” સચિવ